## ઊંઝામાં બે લાખના એરંડાની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૧

ઊંઝા નજીક હાઈવે પર આવેલ એક ગોડાઉનનું શટર તોડી અંદર પ્રવેશીને કોઈ તસ્કરો અંદાજે રૂપિયા બે લાખની કિંમતના મત્તાના એરંડાની ૭૮ બોરીઓની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે મક્તુપુર રોડ પર જીકો લોજીસ્ટીક કંપનીનું ગોડાઉન આવેલ છે. આ ગોડાઉનમાં એરંડાનો જથ્થો પડ્યો હતો. જે ગોડાઉનનું શટર તોડી નાંખ્યુ હતુ અને અંદર પ્રવેશી ૫૮૫૦ કિલો વજનની એરંડા ભરેલ ૭૮ બોરીઓની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

ચોરાયેલ એરંડાની કિંમત રૂપિયા ૧,૯૮,૯૦૦ની થવા જાય છે. ગોડાઉનની રખેવાળી માટે ચોકીયાત હોવા છતાં રાત્રિના અંધકારનો લાભ લઈને તસ્કરોએ ચોરી કરી હતી. આ બનાવ અંગે સિક્યુરીટી ગાર્ડની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## ઊંઝાના વાડીપરા ચોકમાંથી બાઈક ચોરાયુ

ઊંઝા,તા. ૧૧

ઊંઝા ખાતે રબારીવાસમાં રહેતા ઠાકોર સતિશજી જીવણજી મોડી સાંજના સમયે કામ અર્થે પોતાનું બાઈક લઈને વાડીપરા ચોક ઠાકોર વાસમાં ગયા હતા. જ્યાં તેમણે પાર્ક કરેલ બાઈકની કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને ક્યાંક ફરાર થઈ ગયા હતા. ચોરાયેલ બાઈકની કિંમત રૂપિયા ત્રીસ હજાર થવા જાય છે. આ અંગે ઊંઝા પોલીસે વાહનચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્લેકા ગામની સીમમાં ૧૦ લીલા લીમડાના ઝાડ કાપી નાખતા ચકચાર

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કલ્લેકા ગામના સીમ



વિસ્તારમાંથી ભરાવદાર ૧૦ લીલાં લીમડાના ઝાડ પરવાનગી વિના ગેરકાયદેસર રીતે કાપી નાખતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસરને કલ્લેકા ગામના દિલીપભાઈ ભીખાભાઈ પટેલએ રૂબરૂ જાણ કરતાં મામલતદાર કચેરીનો સ્ટાફ અને તલાટી કમ મંત્રી નારણપુર-નારસોલી સહિત સ્ટાફે ઘટનાસ્થળે તપાસ કરતાં સવજીભાઈ ગોવિંદભાઈ પટેલ સહિત ૪ ખેડુતોએ ભેગા મળી લીલા લીમડાના ૧૦ ઝાડ ગેરકાયદેસર રીતે મંજુરી વિના કાપી નાખી સગે-વગે કરતાં અંદાજીત ૫૦૦ મણથી વધુ લીલું લાકડું કપાયું છે. લીલા લીમડાની



અંદાજીત કિંમત રૂા.૬૦,૦૦૦/- છે. ભિલોડા મામલતદાર કચેરીના આધારભુત પ્રાપ્ત માહિતી મુજબ ગેરકાયદેસર રીતે પરવાનગી વિના લીલા લાકડા કાપનાર ઈસમો પાસે દંડ વસુલ કરવામાં આવશે તેમ મામલતદાર ઓફીસના આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર અંતરીયાળ ડુંગરાળ વિસ્તાર અને સીમ વિસ્તારોમાંથી ગેરકાયદેસર રીતે લીલા-સુકા વૃક્ષો કાપી ગેરકાયદેસર રીતે કાપી નાખી સગે-વગે કરવાનો બે નંબરનો વેપલો દિન-પ્રતિ-દિન ફુલ્યો-ફાલ્યો છે. ભિલોડા તાલુકાના વહીવટી તંત્રના જવાબાદર અધિકારીઓ ધ્વારા લાલ આંખ કરવાનો સમય હવે પાકી ગયો હોવાનું લોકમુખે ચર્ચાય છે.

# દાંતાના હડાદ ગામે ખુલ્લેઆમ ધમધમતી જુગાર કલબ

પાલનપુર, તા.૧૧

દાતા તાલુકાના આદિવાસી વિસ્તાર હડાદમાં થોડા સમયથી એક ખેતરમાં જુગારની કલબ બિન્દાસપણે ધમધમી રહી છે. જેમાં ઉત્તર ગુજરાતના જુગાર શોખીનો લાખો રૂપિયાનો ટોકન લઈ જુદા જુદા પ્રકારનો જુગાર રમવા મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

યાત્રાધામ અંબાજીમાં ખુલ્લેઆમ વિદેશી અને દેશી દારૂના અડ્ડાઓની બે નંબરી કમાણી પોલીસને ઓછી પડતી હોય તેમ જાણે હવે હડાદમાં જુગાર કલબને પણ પરમીશન આપતા અનેક યુવાનો વિદ્યાર્થીઓ નજીવા આર્થિક લાભ ખાતર મોટી રકમ આ કલબમાં હારી જતા બરબાદીના પંથે ધકેલાઈ રહ્યા છે.

થોડા સમય અગાઉ કોલેજમાં અભ્યાસ કરતા એક યુવાન પોતાના ઘરમાંથી રૂ. ૫૦,૦૦૦ની ચોરી કરી હડાદની જુગાર કલબમાં ગયો હતો જયાં જુગારમાં બધા જ રૂપિયા હારી ગયો હતો અને સુનમુન બની ગયો હતો. આથી તેના પરિવારજનો પણ ચિંતિત બન્યા હતા. આ જુગારધામમાં માંગો તે સુવિધા અને વ્યવસ્થા મીનીટોમાં મળી રહી હોવાનો આક્ષેપ અને ચર્ચાઓ સમગ્ર પંથકમાં વહેતી થઈ છે.

આ જુગાર ધામમાં જઈ કોઈનો લાડકવાયો, પરિવારનો મોભી, જુગારમાં જીતવાની લાલચમાં મોટી રકમ હારી જતા કોઈ ગંભીર પગલું લે તે પહેલા આ બરબાદીના ધામને જિલ્લા પોલીસ તંત્ર બંધ કરાવે તેવી પ્રજામાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ઊંઝામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા નાગરિકોમાં રોષ

ઊંઝા,તા. ૧૧

ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે ઘરફોડ ચોરી, વાહન ચોરી, મંદિર ચોરી જેવા મિલકત વિરુદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

ગઈરાત્રે ઊંઝા તાલુકાના વિશોળ ગામે ત્રણ મંદિરોને તસ્કરોએ નિશાન બનાવી માતાજીના આભૂષણો, વાસણો મળી કુલ ૨૬,૫૦૦ની મત્તાની ચોરી કરી હોવાનો બનાવ બનતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પેદા થઈ છે.

તાલુકાના વિશોળ ગામે આવેલ બ્રહ્માણી માતાજી, મહાકાલી મતાજી અને અંબાજી માતાના મંદિરોને રાત્રીના સમયે કોઈ તસ્કરોએ નિશાન બનાવી મંદિરોના દરવાજાના તાળાં તોડી નાંખ્યા હતા. બાદ અંદર પ્રવેશ કરી માતાજીના આભૂષણો, ચાંદીના નાના મોટા છત્તર, નાના વાસણો વિગેરે મળી કુલ ૨૬,૫૦૦ની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે પોલીસે મંદિર ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડાગામે પીવાના પાણી માટે ૧.૨૫ કરોડની સ્વજલ યોજનાનું ખાત મુહૂર્ત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના અને સમગ્ર દેશમાં ક્વોરી ઉદ્યોગ માટે જાણીતા વડાગામ ગામે ગુરૂવારે પીવાના પાણીની કાયમી સુવિધા માટે રૂ. ૧.૨૫ કરોડની મહત્વાકાંક્ષી સ્વજલ ધારા યોજનાનું ખાતમુહૂર્ત કરવાનો કાર્યક્રમ ગ્રામ પંચાયતને ઉપક્રમે યોજાયો હતો. જેમાં ગામના યુવા સરપંચ અને ગ્રામજનો દ્વારા બેટી બચાવો અભિયાનને સમર્થન આપતા ખાતમુહૂર્તનો કાર્યક્રમ રાજકારણીઓ કે સંતો મહંતોના બદલે ગામની બાળાઓના હસ્તે ખાતમુહૂર્ત વિધિ પૂર્ણ કરાઈ હતી.

ધનસુરા તાલુકાના સાત હજારની વસ્તી ધરાવતા વડાગામમાં વસ્તી પ્રમાણે પીવાના પાણીની સમસ્યા પણ ગંભીર બની હતી અને ઉનાળામાં ગ્રામજનોમાં પીવાના પાણીની તંગીથી ખુબજ હાલાકી ભોગવવી પડતી હતી અને વડાગામ ગ્રામપંચાયતના યુવા સરપંચ સદસ્યો, ગામના અગ્રણીઓ દ્વારા પાણીની સમસ્યા હલ માટે સતત રજૂઆતોના ભાગરૂપે જિલ્લામાં સહુથી મોટી ગ્રામ પંચાયત કક્ષાની સ્વજલધારા યોજના મંજુર કરવામાં



આવી છે. ગુરૂવારે યોજાયેલ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ગામના યુવા સરપંચ સુર્યભાનસિંહ અને ડે. સરપંચ સંજયભાઈ ઓઝા, સ્વરાજ્યની ચૂંટણીમાં હાલમાં જ વડાગામ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં વિજેતા બનેલા રાજુભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સદસ્યો સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વાસ્મો યોજના અંતર્ગત ગ્રામજનોની મદદથી રૂ. ૧.૨૫ કરોડના માતબર ખર્ચે પાઈપલાઈન નાંખવામાં આવશે જે કાર્યોન્વિત થતા ગ્રામજનોના ઘર ઘર સુધી પીવાનું ચોખ્ખુ પાણી મળી રહેશે. આ યોજનાથી વડાગામમાં પડતી પીવાના પાણીની તકલીફનો ટુંક સમયમાં નિવેડો આવી જવાનો હોવાથી ગ્રામજનોમાં આનંદ છવાયો હતો.

## ઊંઝાના કહોડા ગામે ટ્રેક્ટર પલ્ટી ખાતા બે કિશોરના મોત

ઊંઝા, તા. ૧૧

ઊંઝા તાલુકાના કહોડા ગામની સીમમાંથી પસાર થઈ રહેલ એક ટ્રેક્ટર અચાનક પલ્ટી ખાઈ જતાં ટ્રેક્ટર પર બેઠેલ એક સગીરવયના કિશોરનું કરૂણ મોત નિપજ્યું હતું. કહોડા ગામે રહેતા ઠાકોર દિનેશજી પ્રહલાદજી સાંજના સમયે ટ્રેક્ટર લઈને ટ્યુબવેલ પર ગયા હતા. જ્યાંથી તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે માર્ગમાં અચાનક રોઝ આવી જતાં ટ્રેક્ટર પલ્ટી ખાઈ ગયું હતું. જેથી ટ્રેક્ટર પર બેઠેલ ઠાકોર અમિત છનાજી ઉ.વ. ૧૭નું કરૂણ મોત નિપજ્યું હતું. બનાવ અંગે ઊંઝા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉછા ગામની ગુમ યુવતીનો કેનાલમાંથી મૃતદેહ મળ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઉછાગામની યુવતી ૭-૧૨-૨૦૧૫ના રોજ પોતાના ઘરેથી કુદરતી હાજતે ગયેલ પણ પરત ના ફરતા યુવતીના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. જ્યારે ગુમ થયાને ચોથા દિવસે કેનાલમાંથી મૃતદેહ મળતાં ચકચાર મચી જવા પામ્યું છે.

પ્રાંતિજ તાલુકાના ઉછા ગામેથી ચાર દિવસ પહેલાં ગુમ થયેલ કાજલબેનનો મૃતદેહ સુજલામ સુફલામ કેનાલમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક યુવતીના કાકા પરબતસિંહ મકવાણા દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી જ્યારે ઘરેથી કુદરતી હાજતે ગયેલ દિકરી ગુમ થયાને ચોથા દિવસે સુજલામ સુફલામ કેનાલમાંથી મૃતદેહ મળી આવતા પરિવાર સહિત ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

# ઊંઝા મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચારની ભારે બુમરાણ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચક્યું હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની ઈ-ધરા, પુરવઠા શાખા, મહેસૂલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરતા હોવાનું સરેઆમ ચર્ચાય છે. ઈ-ધરા, પુરવઠા તથા જમીન મહેસૂલને લગતા કામકાજમાં આ કચેરીના સરકારી બાબુઓને જ્યાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી. અને નાગરીકને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માંગવામાં સરકારી બાબુઓ લેશમાત્ર શરમ અનુભવતા નથી. અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાં કામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ ોણ જાણે કેમ તેઓની મજબુરી અણઆવડત યા સક્ષમ ન હોવાથી ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે. ભૂતકાળમાં આ કચેરીમાં ફરજ બજાવતા એક સર્કલ ઓફીસર લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ કચેરીની જુદી જુદી શાખાઓમાં ગેરરીતિઓ થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચ કક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ છે. તેવું લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય માર્ગદર્શન મળતુ નથી. ઉલ્ટાનું તોછડાઈભર્યુ વર્તન કરીને હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરાય છે.

આ કચેરીમાં મોટાભાગે ગરીબ વર્ગ, ખેડૂત વર્ગ અને જરૂરીયાતવાળા માણસો કામકાજ અર્થે આવે છે. જે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચુકતા નથી. જ્યારે રાજકારણીઓ, રાજકીય વગ ધરાવતા આર્થિક રીતે શક્તિશાળી તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થાય છે. કહે છે કે, આ કચેરીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને કથિત એજન્ટોની ટોળકી સાથે મળી સંઘબળથી ભ્રષ્ટાચાર કરે છે. અને અંદરોઅંદર હોદ્દા પ્રમાણે ભાગ બટાઈ થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કહે છે કે મામલતદાર કચેરીમાં કેટલાક સ્ટેમ્પ વેન્ડરો અને તેમના માણસો લોકોના કામકાજમાં વચેટીયા તરીકેની ભૂમિકા અદા કરીને લોકો પાસેથી તગડી રકમ પડાવતા હોવાનું લોકજીભે ચર્ચાય છે. કેટલાક સ્ટેમ્પ વેન્ડરો એટલા રીઢા બની ગયા છે કે નાગરિકોને ૨૦ રૂપિયાના સ્ટેમ્પ આપવામાં અખાડા કરતા હોય છે. નવાઈની વાત તો એ છે કે ઊંઝા તિજોરી કચેરીના અધિકારી પણ સ્ટેમ્પ વેન્ડરો સામે પગલાં ભરવામાં પાછી પાની કરી રહ્યા છે. ઉપરોક્ત બાબતે ઉચ્ચ કક્ષાએથી નિષ્ઠાવાન અધિકારી દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકવનારી હકિકત બહાર આવે તેમ છે.

# ખેડબ્રહ્મા તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકા સંકલન સમિતિ અને ફરીયાદ સમિતિની બેઠક અધ્યક્ષ અને નાયબ કલેક્ટર ખેડબ્રહ્મા વિશાલ એસ. સકસેનાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેકમાં તાલુકાના અગીયાર પ્રશ્નો નોંધાયા હતા. તે અંગે કાર્યવાહી કરવામાં આવી હતી. તાલુકાની ૪૦ આંગણવાડીઓમાં વીજ કનેક્શન બાકી છે જે એક માસમાં પૂર્ણ કરવા માટે યુજીવીસીએલ સુચના આપી અને વીજ કનેક્શનનું મીટર કેન્દ્રની અંદર ફીટ કરવા પણ સુચના આપવામાં આવી. સુરતીકંપા રોડની સ્ટ્રીટલાઈટો ઘણા સમયથી બંધ છે જે બાબતે તાત્કાલિક કાર્યવાહિ કરવા નગરપાલિકાને જણાવવામાં આવ્યુ. સીડીપીઓને તાલુકા હેડ ક્વાર્ટરમાં તા.પં. કચેરીમાં બેસવા સંબંધિત

**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગેરહાજર રહેતા ખુલાસો મગાયો**

આદેશ કરવા ટીડીઓને સુચના આપવામાં આવી.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.ડી. વણકર બેઠકમાં હાજર ન હોઈ તેઓને લેખિત ખુલાસો માગવા સુચના આપવામાં આવી. આ અગાઉ પણ તેમનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. સંકલન સમિતિ બેઠક યોજવા સરકારની સ્થાયી સુચના હોવા છતાં આ સંબંધિત તમામ અધિકારીઓ સુવિદિત હોવા છતાં બેઠકમાં જાતે હાજર રહેતા નથી. જો વહીવટી દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી હવેની બેઠકમાં જો ગેરહાજરી જણાશે તેમના સામે શિક્ષાત્મક પગલાં લેવા સંબંધિત વિભાગને રીપોર્ટ કરવાની ફરજ પડશે. તેમની ગેર હાજરીથી સરકારની અગત્યની કામગીરીમાં પણ રૂકાવટ અને વિલંબ થયેલ છે. તેની આ બેઠકમાં ગંભીર નોંધ લેવામાં આવી છે.

# વડાલીમાં તસ્કરોએ બે મકાન, મંદિરમાં ચોરી કરી બાઈક ઉઠાવી પલાયન

વડાલી, તા. ૧૧

વડાલીના સમતેશ્વર તળાવની પાળે આવેલા અંગાસી માતાજીનું મંદિર તેમજ શાંતીનગર સોસાયટીના બે મકાનના તાળા તોડી તસ્કરો રૂ. ૨૫ હજાર રોકડા સહિત ચાંદીના દાગીના તથા બાઈક ચોરી છુમંતર થઈ જતા શહેરીજનોમાં તસ્કરોનો ફફડાટ ફેલાયો છે. અંગાસી માતા મંદિરમાંથી તો તસ્કરો માતાજીની મૂર્તિ જ ઉઠાવી જતા શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને ઠેસ પહોંચી છે.

વડાલી શહેરના સ્વયંમ બંગ્લોઝમાં તાજેતરમાં ચોરી થયાની શાહી સુકાઈ નથી ત્યાં જ તસ્કરોએ ગુરૂવારે રાત્રે ચાર જગ્યાએ ચોરી કરી પલાયન થઈ પોલીસને પડકાર ફેંકતા શહેરીજનોમાં હાહાકાર મચી ગયો છે. જેમાં તસ્કરોએ શહેરના સમતેશ્વર તળાવની પાળે આવેલા શ્રી અંગાસી માતાજી મંદિરમાંથી ચાંદીના ત્રણ છત્રો, ૨ કિલો ચોખ્ખુ ઘી, ત્રણ બરણી સહિત અંગાસી માતાજીની મૂર્તિ ચોરી હદ પાર કરતા ભક્તોની આસ્થા દુભાઈ હતી. જે બાદ શહેરના શાંતીનગર વિસ્તારમાં રહેતા મોહનભાઈ વિશ્રામભાઈ પટેલ પોતાના વતન કુવાવડ કંપા ગયા હોવાથી તસ્કરોએ બંધ મકાન જોઈ મકાનના પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ્યા હતા. જે બાદ બેડરૂમનો દરવાજો તોડી તેમાં મુકેલ તિજોરીનું તાળુ તોડી રૂ. ૨૫ હજાર રોકડા, બે જોડી ચાંદીના છડા, એક

**સમતેશ્વર તળાવની પાળે આવેલા અંગાસી માતાજી મંદિરમાંથી તસ્કરો મૂર્તિ જ લઈ ગયા**

ચાંદીનો સિક્કો ચોરી ઘરવખરી વેરવિખેર કરી હતી. જે બાદ પણ તસ્કરોએ હાશકારો અનુભવ્યા વગર મોહનભાઈના ઘર પાછળ રહેતા અશોકભાઈ તુલસીભાઈ પટેલના મકાનમાં પણ કોઈ હાજર ન હોવાથી તેનું તાળુ તોડી અંદર પ્રવેશ્યા હતા. તસ્કરોએ તેમના ઘરમાં છાનબીન કરવા છતાં કોઈ કિમતી માલ-સામાન હાથ ન લાગતા માલ-સામાન વેરણછેરણ કરી બહાર નીકળ્યા હતા. જે બાદ ત્રણ-ત્રણ જગ્યાએ ચોરી કરી તસ્કરો આખી રાત ભારે મહેનત કરી હોવાથી જતા જતા શાંતીનગર સોસાયટીમાં રહેતા રાજેશકુમાર માવજીભાઈ પટેલની બાઈક નં. જીજે૦૯.સીએમ.૫૮૯૫ ઘર આગળ પાર્ક કરેલ હતી તે ઉઠાવી ચોરી કરેલ માલ-સામાન તેના પર રાખી પલાયન થઈ ગયા હતા. એક જ રાતમાં તસ્કરોએ ચાર જગ્યાએ ચોરી કરી પોલીસને પડકાર ફેંકી પલાયન થવામાં સફળ થતા લોકો પોલીસની કામગીરી પ્રત્યે શંકાકુશંકાઓ કરી રાત્રે સઘન પેટ્રોલીંગ કરવા ઉગ્ર માંગ કરવા લાગ્યા છે. તેમજ શહેરના બંને કાંઠે તસ્કરો ચોરી કરવામાં એક જ રાતમાં સફળ રહેતા શું પ્રજાની રક્ષક પોલીસ ઉંઘતી હતી તેવું કહી શંકાકુશંકાઓ કરવા લાગ્યા છે. આ ચોરીના બનાવો અંગે વડાલી પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર એકતા ટ્રેલરની સામે હાર્દસમા બજાર વિસ્તારમાં ટ્રક અને બાઈક ધડાકાભેર ટકરાતા બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયો હતો. વાહન ચાલકો, રાહદારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. ભિલોડામાં ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો છે જેના કારણે માર્ગો સાંકડા બન્યા છે ત્યારે પ્રાઈવેટ વાહનચાલકો મનફાવે ત્યાં વાહનો ઉભા રાખી મુસાફરોને પોલીસના ડર વગર ખુલ્લેઆમ બેસડતા હોય છે. પ્રાઈવેટ વાહન ચાલકો મન ફાવે તેમ પુરપાટ ઝડપે વાહન હંકારતા હોવાના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે ત્યારે નિર્દોષ પ્રજાજનો ભોગ લેવાતો હોય છે. પ્રાઈવેટ વાહન ચાલકો પોલીસને મલાઈદાર હપ્તા આપતા હોવાથી પોલીસ તંત્ર આંખ આડા કાન કરે છે તેમ લોકમુખે ચર્ચાય છે.

## સમર્થ ગૃપ ઓફ કોલેજીસ દ્વારા ફીલ્ડ વિઝીટ યોજાઈ

સમર્થ ગૃપ ઓફ કોલેજીસના ડીગ્રી એન્જીનીયરીંગના ૮૫ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝીબીશન સેન્ટરની તાજેતરમાં મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે સ્પેસમાં લોંચ થયેલા અલગ અલગ સેટેલાઈટ મોડેલ વિશે માહિતી મેળવી હતી. જેમાં ૩૦થી પણ વધારે સ્ટેટીક મોડેલ તથા વર્કીંગ મોડેલનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને સ્પેસની અલગ અલગ પેનલ વિશેની પણ માહિતી આપવામાં આવી હતી.

# આજે હિંમતનગર નગરપાલિકાના પ્રમુખની વરણી

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી બાદ શનિવારે પ્રથમ નવા વોર્ડની સામાન્ય સભા મદદનીશ ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં પ્રમુખ પદ માટે મહિલા સ્ત્રી (સામાન્ય)ની નિયુક્તિ કરવામાં આવશે. પ્રમુખ પદ માટે ભાજપ પ્રદેશકક્ષાથી નિર્ણય કરીને કોના નામનો મેન્ડેડ મોકલાવાશે તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓમાં કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપને ૨૭, જ્યારે કોંગ્રેસને ૯ બેઠકો મળી હતી. નવા વોર્ડ સીમાંકન તથા પાટીદાર અનામત આંદોલન બાદ નવા ઉમેદવારોની ભાજપ-કોંગ્રેસ તરફથી પસંદગી કરી ચૂંટણી જંગમાં ઉતારી સત્તા કબજે કરવા માટે એડીચોટીનું જોર લગાવી મતદારોનો ડોર ટુ ડોર સંપર્ક કરી ચૂંટણી પ્રચાર કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપે ભાજપને ૨૭, જ્યારે કોંગ્રેસને ૯ બેઠકો મળતા ભાજપે પુનઃ સત્તાના સુકાન સંભાળ્યા હતા.

માહિતી આપતા મદદનીશ ચૂંટણી અધિકારી એવા હિંમતનગર તાલુકાના પ્રાંત અધિકારી કલ્પેશ પાટીદારે જણાવ્યું હતું કે હિંમતનગર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ ખુબ જ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા બાદ શનિવારે ચૂંટાયેલા ભાજપના ૨૭ અને કોંગ્રેસના ૯ સદસ્યોની ઉપસ્થિતિમાં પ્રથમ સામાન્ય સભા યોજાશે. આ વખતે પ્રથમ અઢી વર્ષના શાસન દરમિયાન પ્રમુખ પદ માટે મહિલા સ્ત્રી અનામત ઉમેદવારની પસંદગી કરવાની હોવાથી પ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાશે.

આ વખતે ભાજપ અને કોંગ્રેસ દ્વારા છેક છેલ્લી ઘડીએ પ્રુખ પદમાં કોના નામનું મેન્ડેડ આપવામાં આવ્યું છે, તેની માહિતી અત્યંત ગુપ્ત રાખવામાં આવતા ચૂંટાયેલા સદસ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ વખત નગરપાલિકાની ચૂંટણીમાં વિજેતા બનેલા ઉમેદવારોમાં પ્રથમ સામાન્ય સભામાં હાજરી આપવા માટે અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# પ્રાંતિજમાં સમસ્ત બ્રહ્મસમાજનું સ્નેહમિલન યોજાયું

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહમિલન કાર્યક્રમ તથા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા બ્રહ્મસમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ દેસાઈની પોળમાં આવેલ ગીતાજ્ઞાન મંદિર ખાતે સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ પ્રસંગે બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને બાળકોના પ્રતિભાવ સમાજ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. જ્યારે સમાજના વિશીષ્ટ વ્યક્તિ તથા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે યોગેશભાઈ રાવલ, મધુભાઈ રાવલ, જીતુભાઈ રાવલ, લાલુભાઈ રાવલ, સતીષભાઈ પંડ્યા, મનિષભાઈ પંડ્યા વગેરે આગેવાનો દાંતાઓ તથા સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.